**વડોદરાનાં મહે. 7 મા જયુડી. મેજી. ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ.વડોદરા**

**<u>ફો.કેસ નં.18682-19</u>**
**આંકઃ**

**ફરીયાદીઃ શ્રી સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપીઃભરતભાઇ અશોકભાઇ પવાર**

**ગુનોઃગુજરાત પ્રોહીબીશન એકટની કલમ – 66(1)બી તથા 85 મુજબ.**

## <u>ચુ કા દો</u>

૧. ફરીયાદ પક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, હાલના આરોપી વિરુધ્ધ ગુજરાત નશાબંધી ધારાની કલમ: ૬૬(૧) બી તથા ૮૫(૧) મુજબના શિક્ષાને પાત્ર ગુનો અંગે ઈન્સાફી કાર્યવાહી કરવા માટે પોલીસ દ્બારા કોર્ટ સમક્ષ ચાર્જસીટ રજુ કરવામાં આવેલ છે. સબબ આરોપી વિરુધ્ધ સમન્સ ઇસ્યુ કરવામાત્ર આવતા આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો મફત આપ્યાની ખાત્રી કરેલ છે.ત્યારબાદ આરોપી વિરુધ્ધ ક્રિ.પ્રો.કોડ. ની કલમ–૨૪૦ અન્વયે ચાર્જ ફ્રેમ કરી પ્લી રેર્કડ કરતા તેણે સ્વેચ્છાપુર્વક ગુનો કબુલ હોવાનુ જણાવેલ છે.

૨. આરોપીએ ગુના કબુલાત પુરસીસ આપી અદાલત સમક્ષ જાહેર કરેલ છે કે મારો આ પ્રથમ ગુનો છે. અમો સામાન્ય અને ગરીબ વર્ગના છીએ. અમારે કોઈ સ્થિર ધંધો નથી, અમો છુટક મજુરીનુ કામ કરીએ છીએ, અમોને મજુરી પણ દરરોજ મળતી નથી જેથી અમો અમારૂ તેમજ અમારા કુટુંબનુ ગુજરાન કરી શકીએ તેવી સ્થિતિમાં ન હોવાથી અને તનાવમાં ગુનો થઈ ગયેલ. અમોએ દારૂ પીધેલ હાલતમાં કોઈ સાથે ઉપદ્રવ કરેલ નથી, ઝધડો કરેલ નથી, અસભ્ય વર્તન કરેલ નથી, અશ્સ્તિ ભાષા વાપરેલ નથી કે મારા મારી કરેલ નથી અને આ મુજબનો અમારા વિરૂદ્ધ આક્ષેપ પણ નથી. ચાર્જસીટમાં જાહેર રસ્તામાં વગર પાસ પરમીટે દારૂ પીધેલ હાલતમાં છાટકો બની લથડીયા ખાતો મળી આવ્યા માત્રનો આક્ષેપ છે. અમારી આર્થિક પરિસ્થતિ સારી ન હોય ઉપરાંત કાયમી રોજગાર પણ ન હોઈ ટ્રાયલ ચાલતા દરમ્યાન અમારે વારંવાર અદાલતમાત્ર આવવાની જરૂર પડે ઉપરાંત વકીલ રોકીને પૈસા ખર્ચવાની જરૂરીયાત રહે અને અમોને કયારેક રોજગારી મળે છે તે પણ ખોરવાઈ જાય જે તમામ હકીકતોએ આ અમારો પ્રથમ ગુનો હોઈ અમો અમારી ભુલ સુધારવા માંગીએ છીએ અને કોર્ટની કાર્યવાહીમાં અમારો, કોર્ટનો તેમજ નાણાનો વ્યય થાય તેવા ઉદ્દેશથી વિન્રમ માફી આપવા અને રહેમ રાખવા અરજ ગુજારીએ છીએ. સદર આરોપી ને કબુલાત સબબ જણાવવામાં આવેલ છે કે તેઓ કબુલાત કરવા બંધાયેલ નથી અને તેમછતા કબુલાત કરશે તો કાયદાનુસાર મહત્તમ સજા થઇ શકે છે. તેમછતા,તેઓએ સ્વેચ્છાપુર્વક ગુનાની કબુલાત કરેલ છે.વધુમાં આરોપીને વિનામુલ્યે કાનુની સહાય મળી શકે તે બાબતે જણાવતા પણ પોતે વકીલ નહી રોકવા માંગતો હોવાની રજુઆત કરેલ છે.

૩. સદર કામે રેકર્ડ ઉપરની હકીકતો લક્ષમાં લેતા આરોપી વિરુધ્ધ વગર પાસ પરમીટે દારૂ પી છટકો બની લથડીયા ખાતો હોવા સંદર્ભેનો આક્ષેપ છે અને આરોપી વિરૂધ્ધ ફરીયાદ પક્ષનો એવો કોઈ આક્ષેપ નથી કે દારૂ પીધેલ હાલતમાં કોઈ સાથે ઉપદ્રવ કરી, ઝધડો કરી, અસભ્ય વર્તન કરી, અશિસ્ત ભાષા વાપરી કે મારા મારી કરેલ. આ ગુનાની ટ્રાયલ માટે હાલના કામનો સરકારી અમલદાર ફરીયાદ, સરકારી અમલદાર સાહેદ, પંચો, સરકારી અધિકારી, ડોક્ટર સાહેદ અને સરકારી અધિકારી તપાસ કરનાર અમલદારને તપાસ્યા બાદ જો વ્યાજબી શંકાથી પર પુરાવો રેકર્ડ ઉપર આવે ત્યારે આરોપીને સજા થાય. વર્તમાનમાં કોર્ટમાં પેન્ડીંગ કેસની સાથે નવા દાખલ થતા

કેસોનુ પ્રમાણ લક્ષમાં લેતા ટુંકા સમયમાં હાલના ગુનાની ટ્રાયલ ચલાવીને પુરી કરવી સંભવી શકે નહી. આરોપીનો સમય, ફરિયાદ પક્ષે સરકારી વકીલનો સમય, સરકારી સાહેદનો સમય તથા કોર્ટનો સમય તથા ખર્ચ જે આ ટ્રાયલ પાછળ થાય અને ટ્રાયલને અંતે આરોપી કસુરવાર ઠરે ત્યારે સજા અંગે ન્યાયીક હુકમ કરવામાં આવે તેના બદલે જો આરોપી પ્રથમ મુદતે હાલનો ગુનો કબુલ છે ત્યારે તેણે ગુના કબુલ સદંર્ભે રજુ કરેલી હકીકતોની સાથે સરકાર તથા કોર્ટનો અને લીટીગન્ટનો જે સમય બચે છે તે અન્ય ગંભીર ગુનાની ટ્રાયલમાં યુટીલાઈઝ કરી શકાય તેમ હોઈ ઉપરાંત આરોપી જ્યારે સ્વેચ્છાએ સાથે ગુનાની કબુલાત કરતો હોય ત્યારે રેકર્ડ ઉપર આવેલી તમામ હકીકતો અને તમામ પરિસ્થિતિઓને ધ્યાને લઈ તેમજ **ગુજરાત રાજ્ય વિ. નટવર હરચંદજી ઠાકોર**ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લઈ નક્કી કરેલી ઓછીમાં ઓછી સજા કરતા પણ ઓછી સજા કરીને ઓછો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનુ હિત જળવાય રહે તેમ હોઈ ઉપરોક્ત સંજોગે ધ્યાને લઈ આરોપીને દોષિત ઠરાવી નીચે મુજબ હુકમ કરૂ છુ.

**:: હુકમ ::**

આ કામ ના આરોપી ને ક્રિ. પ્રો. કોડ . ની કલમ૨૪૧ અન્વયે પ્રોહીબિશન એક્ટની કલમ ૬૬ ( ૧ ) બી તથા ૮૫ ( ૧ ) ના ગુના સબબ તક્સીરવાન ઠરાવી પ્રોહીબિશન એક્ટની કલમ૬૬ ( ૧ ) બી ના ગુના **સબબ કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રુ. ૫૦ અંકે રુપીયા પચાસ પુરાનો દંડ તેમજ કલમ ૮૫ ( ૧ ) ના ગુના સબબ કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રુ. ૫૦ અંકે રુપીયા પચાસ પુરાનો દંડ લેખે કુલ રુ. ૧૦૦ /- એકસો પુરા** નો દંડ કરવામાં આવે છે. અને જો દંડ ન ભરે તો દિન - ૫ ની સાદી કેદની સજાનો હુકમ ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૧૩ માહે જુલાઈ, સને ૨૦૧૯ ના રોજ લોક અદાલતમાં જાહેર કર્યો.

તારીખઃ ૧૩/૦૭/૨૦૧૯
સ્થળ:- વડોદરા.

**(શ્રી એસ . પી. દવે)**
૭મા જ્યુડિશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ , વડોદરા
**U.I.Code No. GJ01390**